## પાઠ – તિર્થંકર

જૈન પરંપરામાં બ્રહ્માંડની રચના કરનારા તરીકે ભગવાનમાં નથી માનતા. તેઓ એ પણ નથી માનતા કે કોઈ ભગવાન જેવી વ્યકિત દરેક વસ્તુ પર, દરેક જીવ પર નિયંત્રણ રાખે છે. તેમ છતાં તેઓ તિર્થંકરોને ભગવાનની જેમ માનીને પૂજા કરે છે. બીજા ધર્મમાં આશીર્વાદ અને ભૌતિક સુખ મેળવવા માટે ભગવાનની પૂજા કરાય છે. જયારે જૈન ધર્મમાં તિર્થંકરો પ્રેરણારૂપે પૂજાય છે. તિર્થંકરો એ આત્માઓ છે જેમના વિશેષ ગુણો છે અને જેમણે અંતિમ પરમ સુખ પ્રાપ્ત કર્યું છે, જેઓ જન્મ-મરણના ફેરામાંથી મુકત છે અને જેઓ બીજાને ધર્મનો માર્ગ બતાવે છે.

જૈનો નિરંતર પ્રગતિ અને અધોગતિ પામતા કાળચક્રમાં માને છે. ઉત્સર્પિણી એ પ્રગતિનો યુગ છે જેમાં મનુષ્યની નૈતિક અને કુદરતી સ્થિતી આગળના કાળ કરતા સારી થતી જાય છે. ઉત્સર્પિણીનો અંત થતા અવસર્પિણી કાળ શરૂ થાય છે, જે અધોગતિ કે પતન તરફ લય જાય છે. જેમાં મનુષ્યની નૈતિકતા, ગુણો અને કુદરતી સ્થિતી ખરાબ થતી જાય છે. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળના મધ્યમાં અનંત જીવો મુકિત પામે છે, પણ તેમાંથી ફકત ૨૪ આત્માઓ જ તિર્થંકર બને છે. એ એવા મનુષ્યો છે જેમણે સૌથી ઊંચુ આધ્યાત્મિક સ્તર પ્રાપ્ત કરેલું છે. તેમણે તેમના છેલ્લા જીવનથી પાછળના ત્રીજા ભવમાં એક કે જુદા જુદા વિશેષ ૨૦ પ્રકારના તપ કરીને તિર્થંકર નામ કર્મ બાંધેલ હોય છે. છેલ્લા ભવમાં સર્વજ્ઞતા પ્રાપ્ત કર્યા પછી તિર્થંકર જૈન ધર્મને તે કાળને અનુરૂપ કરી સુવ્યવસ્થિત કરે છે અને આદર્શ ગુરુ બને છે. ‘સવ્વે જીવ કરુ શાસન રસી’ જેમ અનંત કાળચક્ર છે તેમ અનંત ચોવીસી છે. અત્યારના કાળમાં ભરતક્ષેત્રમાં આદિનાથ ત્રીજા આરામાં અને બાકીના ૨૩ તિર્થંકર ચોથા આરામાં થઈ ગયા.

### તિર્થંકર ની વ્યાખ્યા :

૧) તિર્થંકરનો શાબ્દિક અર્થ છે આધાર સ્તંભના નિર્માતા. જે સંસાર સાગર પાર કરવામાં મદદ કરે છે. તેઓ મોક્ષનો માર્ગ બતાવે છે.

૨) તિર્થંકર નો અર્થ એમ પણ થાય છે કે તેઓ આધ્યાત્મિક ગુરુ છે. જે તિર્થની સ્થાપના કરે છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા મળીને સંઘ બને છે

૩) તિર્થ એટલે પ્રવચન, અને તિર્થંકર એટલે પ્રવચનકાર.

૪) તિર્થનો એક અર્થ છે૧૨ અંગ સૂત્ર. તેઓ અંગના રચિયાતા છે અને ગણધરો તેને શાબ્દિક રૂપ આપે છે માટે પણ તેમને તિર્થંકર કહેવાય છે.

૫) વિદ્વાનો જેવાકે બુહલર અને જેકોબીના મત પ્રમાણે તિર્થંકરનો અર્થ પયગંબર અથવા ધર્મના સ્થાપક થાય છે.

**જૈન પરંપરામાં તિર્થંકરો અને દેવો :**

જૈનો તેમના તિર્થંકરો ને સર્વોત્તમ દેવ ગણે છે. તિર્થંકરોને સ્વર્ગના દેવતાઓ કે લૌકિક ભગવાનથી ઉચ્ચ માનવામાં આવે છે. જૈન પરંપરા પ્રમાણે સ્વર્ગમાં રહેનારા દેવો તેમના સારા કર્મો (પુણ્ય)નું ફળ ભોગવે છે અને તેમણે હજી જન્મ મરણના ચક્રનો નાશ કરવાનો બાકી છે. જયારે તિર્થંકરોએ તે જ જીવનમાં મુકિત મેળવી લીધી છે. આ બે પદનો ફરક જૈન શાસ્ત્ર અને મૂર્તિ સ્થાપત્યમાં સ્પષ્ટ જણાય છે કારણકે દેરાસરમાં મુખ્ય મૂર્તિરૂપે તિર્થંકરની પૂજા થાય છે, દેવી દેવતાઓ અને અધિષ્ટાયક દેવોની મૂર્તિઓની સ્થાપના તેમની આજુબાજુમાં કરવામાં આવે છે.

**સામાન્ય કેવલી અને તિર્થંકર કેવલી – સમાનતા અને અસમાનતા :**

સર્વજ્ઞતા અથવા કેવળજ્ઞાન એટલે પૂર્ણ અને ઉતમ જ્ઞાન અને દર્શન. જે જીવને કેવળજ્ઞાન થાય છે તે શુધ્ધ અને જાગૃત છે અને પોતાના ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળને જોઈ શકે છે. જયારે મોહનીય કર્મનો સંપૂર્ણ નાશ થાય છે ત્યારે જીવ સર્વજ્ઞ બને છે. પરિણામ સ્વરૂપ બીજા ત્રણ કર્મો જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય અને અંતરાયકર્મ પણ એક પછી એક નાશ પામે છે. અવસર્પિણી અને ઉત્સર્પિણી ના દરેક કાળમાં અનંત આત્માઓ કેવળજ્ઞાન પામે છે અને કેવલી બને છે. તે બધાએ ૪ ઘાતિ કર્મોનો નાશ કર્યો છે અને બધા તેમની ગુણવતામાં સમાન છે. તો પણ દરેક આરામાં આ અનંત કેવલીમાંથી ફકત ૨૪ આત્માઓ તિર્થંકર બને છે જે તેમના વિશેષ ગુણને લીધે છે અને જે બીજાને મોક્ષ માર્ગ દેખાડે છે.

**કેવલી બે પ્રકારના હોય છે.**

૧) સામાન્ય કેવલી

૨) તિર્થંકર કેવલી

બધા તિર્થંકરો સર્વજ્ઞ છે પણ બધા સર્વજ્ઞ તિર્થંકર નથી.

**સમાનતા :** સામાન્ય કેવલી અને તિર્થંકર કેવલી બંનેને સરખું જ જ્ઞાન છે. બંનેનું સર્વજ્ઞ થયા પછી જ નિર્વાણ થાય છે.

**તફાવત :**

૧) તિર્થંકર નામ કર્મને કારણે તેઓ તિર્થંકર પદ પામે છે. જૈન આગમ જ્ઞાતધર્મ કથામાં તિર્થંકર નામ કર્મના ૨૦ કારણોનો ઉલ્લેખ થયો છે. જેમકે અરિહંત અને સિધ્ધની ઉત્કૃષ્ટ ભકિત, ધાર્મિક ક્રિયાઓમાં સંપૂર્ણ જાગૃતિ, તપ, અર્હતના ઉપદેશમાં દ્રઢ શ્રધ્ધા વગેરે છે. તત્વાર્થ સૂત્રમાં તિર્થંકર નામકર્મના ૧૬ કારણો બતાવ્યા છે. આ નામકર્મ છેલ્લા ભવપૂર્વેના ત્રીજા ભવમાં બંધાય છે.

૨) તેઓ સમકિત અને ત્રણ પ્રકારના જ્ઞાન મતિ, શ્રુત અને અવધી જ્ઞાન સાથે જન્મે છે. તિર્થંકરો જયારે દિક્ષા ગ્રહણ કરે છે ત્યારે તેમને મન:પર્યવ જ્ઞાન મળે છે. સામાન્ય કેવલીમાં આમ થતું નથી.

૩) તિર્થંકરો ૩૪ અતિશય સહિત અને ૩૫ વાચનાતિશય સહિત હોય છે. ઉપરાંત ૪ વિશેષ અતિશય અને ૮ પ્રતિહાર્ય મળીને દરેક તિર્થંકરોમાં ૧૨ વિશેષ ગુણ હોય છે. સામાન્ય કેવલીને આવા પ્રકારના ગુણ હોતા નથી.

૪) તિર્થંકર ચર્તુવિધ સંઘની સ્થાપના કરે છે. સામાન્ય કેવલી નથી કરતા.

૫) તિર્થંકરને ગણધરો વગેરે શિષ્યો હોય છે. સામાન્ય કેવલીને શિષ્યો નથી હોતા.

૬) તિર્થંકરના જીવનના પાંચ કલ્યાણક હોય છે. જે સામાન્ય કેવલીમાં નથી હોતા.

૭) બે તિર્થંકરો વચ્ચે હંમેશા સમય કાળ હોય છે તેથી બે તિર્થંકર કદી એકબીજાને નથી મળતા (ભરત ક્ષેત્રમાં) જયારે એક સામાન્ય કેવલીનો બીજા સામાન્ય કેવલી સાથે મિલાપ શકય છે.

**તિર્થંકરોના સામાન્ય ગુણ :**

**૧) નવકાર મંત્રમાં પ્રથમ સ્થાન :** તિર્થંકર કે અર્હત નવકાર મંત્રમાં પહેલું સ્થાન પામે છે, સિધ્ધોની પણ પહેલા કેમકે તેઓ મનુષ્યરૂપમાં છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેઓ મનુષ્યને પ્રત્યક્ષ ઉપદેશ આપે છે તથા મુકિત મેળવવાનો માર્ગ બતાવે છે.

**૨) સંખ્યા :** જૈન ભૂગોળ પ્રમાણે અને ભરત ક્ષેત્રમાં કાળચક્ર બે ભાગમાં વહેચાયેલું છે. આ દરેક અર્ધચક્ર કાળમાં ૨૪ તિર્થંકરો જ થાય છે. આવી અનંત ચોવીસી હતી, છે અને થશે. કોઈપણ એક સમયે ઓછામાં ઓછા ૨૦ તિર્થંકરો મહાવિદેહક્ષેત્રમાં (૪ જંબુદ્વિપના મહાવિદેહ ક્ષેત્રમાં, ૮ ઘાતકી ખંડના મહાવિદેહ ક્ષેત્રમાં અને ૮ પુષ્કર દ્વિપના મહાવિદેહ ક્ષેત્રમાં) અને મહતમ ૧૬૦ તિર્થંકરો આ બધી કર્મભૂમિ મળીને હોય છે.

**૩) કલ્યાણક :** જૈનો તિર્થંકરના જીવનની પાંચ મહત્વની ઘટનાઓનો ઉત્સવ મનાવે છે. જેને કલ્યાણક કહે છે. તે નીચે પ્રમાણે છે.

**અ) ચ્યવન કલ્યાણક :** જયારે તિર્થંકરનો આત્મા તેમના પાછળના જીવનમાંથી પ્રસ્થાન કરીને તેમની માતાના ગર્ભમાં સ્થાપિત થાય છે.

**બ) જન્મ કલ્યાણક :** આ જયારે તિર્થંકર જન્મ લે છે.

**ક) દિક્ષા કલ્યાણક :** જયારે તિર્થંકરનો આત્મા બધી સંસારી વસ્તુ / સંબંધથી મુકત થઈને સાધુ જીવન સ્વીકારે છે. (દિગંબર સંપ્રદાય સ્ત્રી તિર્થંકર બની શકે કે મોક્ષ પામે છે તે સ્વીકારતા નથી)

**ડ) કેવળજ્ઞાન કલ્યાણક :** જયારે તિર્થંકર આત્મા ચાર ઘાતિ કર્મોનો નાશ કરે છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે(સંપૂર્ણ જ્ઞાન). દેવતાઓ તિર્થંકરો માટે સમોવસરણ બનાવે છે, જયાંથી તેઓ પોતાનો પ્રથમ ઉપદેશ આપી શકે. સર્વે જૈનો માટે આ એક મહત્વપૂર્ણ ઘટના છે કે જયારે તિર્થંકર જૈન સંઘની સ્થાપના કરે છે અને આત્માની શુધ્ધતા અને મુકિતનો માર્ગ બતાવે છે.

**ઈ) નિર્વાણ કલ્યાણક :** જયારે તિર્થંકરનો આત્મા જે આ વિશ્વમાં દૈહિક રૂપે રહેલો છે ત્યાંથી મુકિત

પામીને સિધ્ધ બને છે. આ દિવસે તિર્થંકરનો આત્મા બાકી રહેલા ૪ કર્મોનો સંપૂર્ણ નાશ કરે છે અને અનંત સુખ અને મુકિતને પ્રાપ્ત કરે છે.

**૪) સ્વપ્ના :** કુલ ૭૨ સ્વપ્નમાંથી ૧૪ કે ૧૬ સ્પષ્ટ સપનાઓ છે જે તિર્થંકરની માતા જુએ છે. બળદ, હાથી, કમળ વગેરે જે હિંદુ અને બૌધ્ધ ધર્મમાં પણ પ્રચલિત છે. દિગંબર પરંપરા પ્રમાણે માતા ૧૬ સ્વપ્ન જુએ છે. જેમાં સિંહાસન અને મીનયુગલ છે.

| **સપનાઓ અને તેના અર્થ :** | |
|---|---|
| ૧) ગજ–હાથી | રાજસી, આધ્યાત્મિક પથદર્શક |
| ૨) ઋષભ – બળદ | શકિત, આધ્યાત્મિક ગુરુ |
| ૩) સિંહ | નિર્ભયતા, તાકાત |
| ૪) લક્ષ્મી દેવી | ઐશ્વર્ય |
| ૫) માળા | જૈન શિક્ષણની સુગંધ |
| ૬) પૂર્ણ ચંદ્ર | અંધકારને હટાવનારા |
| ૭) સૂર્ય | અજ્ઞાનતાનો નાશ કરનારા |
| ૮) ધજા | ગુરુત્વ, નેતા |
| ૯)કુંભ | શુધ્ધતા, સંપૂર્ણતા |
| ૧૦) પદમસરોવર | દુન્યવી આનંદથી નિર્વેદતા |
| ૧૧) ક્ષીર સાગર | સંસારરૂપી સમુદ્ર પાર કરનાર |
| ૧૨) દેવ વિમાન | દેવ દેવીઓના રાજા |
| ૧૩) રત્નરાશિ | રત્નત્રયીને ધારણ કરનારા |
| ૧૪) નિર્ધૂમ અગ્નિ | બ્રહ્માંડને અજવાળનારા |
| ૧૫) સિંહાસન | સર્વલોકના રાજા (દિગંબર) |
| ૧૬) મિન યુગલ | શુધ્ધતા, મુકિત (દિગંબર) |

**૫) લાંછન :** પ્રાણી જગત કે વનસ્પતિ જગતના થોડા ચિન્હો દરેક તિર્થંકરો સાથે જોડાયેલા છે. સ્વસ્તિક, શ્રીવત્સ, નંદાવર્ત જેઓ પારંપારિક રીતે શુભ ચિન્હો છે. વીજળી એક જ વસ્તુ છે જે યુધ્ધ સાથે સંકળાયેલી છે. આ ચિન્હનો જે પ્રાણી અને વનસ્પતિમાંથી લીધેલા છે તે વિશિષ્ટ ગુણ દર્શાવે છે.

**૬) જ્ઞાન :** માતાના ગર્ભથી તિર્થંકરનો જીવ ત્રણ પ્રકારના જ્ઞાન સાથે જ આવે છે. મતિ, શ્રુત અને અવધિ. દિક્ષાના એક વર્ષ પહેલા દેવ દેવીઓ એમને યાદ કરાવવા આવે છે કે દુનિયાને છોડવાનો

સમય નજીક આવી રહ્યો છે અને ભવિષ્યના તિર્થંકરના વંદન કરે છે. જયારે સંસાર ત્યાગીને સાધુ વેશ ધારણ કરે છે ત્યારે મન:પર્યવ જ્ઞાન પ્રાપ્ત કરે છે. ચાર પ્રકારના જ્ઞાન સાથે તે ઘાતિ કર્મોનો નાશ કરે છે ત્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે જે પાંચમું અને સર્વોત્તમ જ્ઞાન છે.

**૭) સ્વયંબુધ્ધ :** પહેલેથી જ જ્ઞાની હોવાથી ગુરુ હોતા નથી.

**૮) શરીર :** તેમનું શરીર પરમ ઔદારીક, ચમકદાર, સ્ફટીકમય પુદ્ગલોનું બનેલું હોય છે.

**૯) ૧૨ ગુણ :** ૪ અતિશય અને ૮ પ્રતિહાર્ય

**૪ અતિશય :** ૧)જ્ઞાનાતિશય (સંપૂર્ણ ઉચ્ચ પ્રકારનું જ્ઞાન)

૨)વચનાતિશય (ભાષાવિષયક ગુણ)

૩)પૂજયાતિશય ( પૂજા કરવા યોગ્ય)

૪)અપયાગમતિશય (તેમને ભૂખ, તરસ, નિંદ્રા જેવી કોઇ પ્રતિતિ નથી)

**૮ પ્રતિહાર્ય :**

૧)અશોક વૃક્ષ, ૨)પુષ્પવૃષ્ટિ, ૩)દિવ્યધ્વનિ, ૪)ચામર, ૫)સ્ફટીક સિંહાસન, ૬)આભામંડળ, ૭)દેવ દુંદુભી, ૮)છત્ર.